૬

ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૪૩/૧૮–૧૯/૫૦૬ તારીખ :

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી દેવરાજભાઈ ગોકળભાઈ પડસાલા,
મુ. નાના આંકડીયા,
તા.જી. અમરેલી.
**મો.નં.૯૮૭૯૦ ૨૪૪૨૧.**

કેસ નં.૧૪૩/૧૮–૧૯

**વિષય : ખેતીવાડી વીજ કનેકશનના લોડ તથા મીટર સીલીંગ બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૯/૧૧/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૩/૧૮–૧૯/૫૪૧૦ તા.૦૧/૧૨/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૩/૧૮–૧૯/૪૧ તા.૦૨/૦૧/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૦૧/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી–૧.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચિતલ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૪૩/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી દેવરાજભાઈ ગોકળભાઈ પડસાલા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– ૧૫.૦૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી દેવરાજભાઈ ગોકળભાઈ પડસાલા – (પાર્ટનર)

પ્રતિવાદી :– શ્રી કે. આર. પરીખ, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી–૧, અમરેલી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી દેવરાજભાઈ ગોકળભાઈ પડસાલા, મુ.નાના આંકડીયા, તા.જી.અમરેલીની ખેતીવાડી વીજ કનેકશનના લોડ તથા મીટર સીલીંગ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૪૩/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૪૩/૧૮–૧૯/૫૪૧૦ તા.૦૧.૧૨.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૫.૦૧.૨૦૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી દેવરાજભાઈ ગોકળભાઈ પડસાલા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી કે. આર. પરીખ, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર શ્રી દેવરાજભાઈ ગોકળભાઈ પડસાલા, રહે.મુ. નાના આકંડીયા, તા.જી. અમરેલી કે જેઓ નાના આંકડીયા ખાતે ખેતી વિષયક જમીન ધરાવે છે. જેમાં તેઓ ૮૩૯૦૨/૦૦૯૩૨/૨ ગ્રાહક નંબરનું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.

૧.૨ સદરહુ જમીનમાં ખેતી વિષયક વીજજોડાણમાં જે તે સમયે ૫ + ૫ = ૧૦ હો.પા.નો વધારો માંગવામાં આવેલ પરંતુ કોઈ કારણોસર તે જોઈતો ન હોવાથી કેન્સલ કરાવેલ. જે તે સમયે ફોરમનો ચુકાદો ઉપરોકત બાબતે આવેલ, જેના અનુસંધાને ચિતલ પે.વિ.કચેરી દવારા જે તે સમયનો અંદાજપત્રની રકમ જમા આપી દેવામાં આવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

..૨..

૧.૩ પરંતુ મારા બીલમાં ૧૦ હો.પા.નું જ બીલ આપવામાં આવતું હતું તથા મારૂ જુનાં મીટરમાં સીલીગ કરવામાં આવેલ.

૧.૪ આથી અમારી માંગણી છે કે મારૂ બીલ ૫ હો.પા.નું આપવા વિનંતી તથા ૧૦ હો.પા. લેખે જે બીલ આપવામાં આવેલ છે તે વધારાના બીલની રકમ મજરે આપવા વિનંતી તથા મારા કનેકશનમાં સીલીગ કરી આપવા અરજ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર શ્રી દેવરાજભાઈ ગોકળભાઈ પડસાલા, મુ.પો. નાના આકંડીયા, તા.જી. અમરેલી કે જેઓ નાના આંકડીયા ખાતે ખેતી વિષયક જમીન ધરાવે છે. જેમાં તેઓ ૮૩૯૦૨/૦૦૯૩૨/૨ ગ્રાહક નંબરનું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે, જે સત્ય છે.

૨.૨ જે તે સમયે લોડ વધારો કેન્સલ કરવામાં આવેલ તેમજ જેના અનુસંધાને ગ્રાહકે ભરેલ અંદાજપત્રની રકમ બીલમાં પરત કરવામાં આવેલ હતી. પરંતુ સદર વીજ કનેકશનનું બીલ કોઈપણ કારણોસર ૧૦ હો.પા.નું બનતું હતું. જે સદર ગ્રાહકની અરજીના અનુસંધાને સદર કનેકશન ૫ હો.પા.નું કરવામાં આવેલ જેની ઈફેકટ હવે પછીના બીલમાં જોવા મળશે. તેમજ ગ્રાહક દવારા ૧૦ હો.પા. લેખે વધુ ભરાયેલ રકમ જુલાઈ–ઓગસ્ટ–૧૩ થી સપ્ટે.–ઓકટોબર–૧૮ સુધીની રકમ રૂા.૬૪૦૦/– કંપનીના નિયમ મુજબ ગ્રાહકને બીલમાં જમા આપવામાં આવેલ છે. જે અંગેની ટીકીટ ૨૮૬૮૫૦ તા.૦૯/૦૧/૧૯ ના રોજ મુકવામાં આવેલ હતી.

૨.૩ ગ્રાહકની રજુઆતના અનુસંધાને તા.૦૨/૦૧/૧૯ ના રોજ સ્થળ પર ગ્રાહકને સાથે રાખી જુનુ મીટર બદલી નવું મીટર મુકી સીલીગ કરવામાં આવેલ છે તેમજ સ્થળ પર પ્રફોર્મા–૧૫ નં.૧૨૫૦૨૫ ભરવામાં આવેલ છે. ગ્રાહકને રૂબરૂ આપવામાં આવેલ છે.

૨.૪ આમ, ગ્રાહકને વીજબીલની ભરેલ વધારાની રકમ જમા આપવામાં આવેલ છે તેમજ તેમનું મીટર બદલી સીલીગ કરી આપવામાં આવેલ છે, જેથી હવે કોઈ ફરીયાદ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર દેવરાજભાઈ ગોકળભાઈ પડસાલા ગામ–નાના આંકડીયા માં ગ્રાહક નં.૮૩૯૦૨/૦૦૯૩૨/૨ થી ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને રજુઆત છે કે ઓકટો–૨૦૧૨ માં વાદીએ તેના કરારીત ૫ હો.પા. ના વીજજોડાણમાં ૫ હો.પા.નો લોડ વધારો માંગેલ અને તેના માટે જરૂરી અંદાજપત્ર ભરેલ. પરંતુ ત્યારબાદ તેઓએ લોડ વધારો ન લેવાની પ્રતિવાદીને રજુઆત કરેલ અને જરૂરી ટેસ્ટ રીપોર્ટ આપેલ નહી. આ બાબતે ગ્રા.ત.નિ.ફોરમ, ભાવનગર એ કેસ નં.૧૪૧/૧૨–૧૩ માં તા.૧૫/૦૧/૧૩ ના હુકમથી પ્રતિવાદીને વાદીએ લોડ વધારા માટે ભરેલ અંદાજપત્રના નાણા પરત કરેલ અને પ્રતિવાદીએ લોડ વધારનાં નાણા પરત કરેલ. આમ વાદીનું વીજજોડાણમાં લોડવધારો કરેલ નહી અને ૫ હો.પા. [stamp] આવેલ.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૩.૩ પ્રતિવાદીએ વાદીનાં વીજજોડાણનાં લેઝરમાં ૫ હો.પા.ની અસર ન આપતાં, વાદીનું વીજજોડાણનું બીલીંગ ૧૦ હો.પા. નું થતું હતું તેમજ વાદીએ માસિક બીલ ૧૦ હો.પા.નાં મળતાં હતાં.

૩.૪ પ્રતિવાદીને તેમની ભૂલ ધ્યાનમાં આવતાં, વાદીને જુલાઈ–ઓગસ્ટ–૨૦૧૩ થી સપ્ટે.–ઓકટોબર–૨૦૧૮ ના વીજબીલમાં આકારેલ રકમમાં ૫ હો.પા.ની ગણતરી કરી, કુલ રૂ.૬૪૦૦/– વાદીનાં ખાતામાં જમા આપવામાં આવશે તેમજ વાદીનું માસીક વીજબીલ હવેથી ૫ હો.પા.નું થશે આ માટે પ્રતિવાદીએ કાર્યવાહી કરેલ છે, જે ૧ માસમાં પૂર્ણ થશે, તેમ આજરોજ ફોરમને જણાવેલ છે.

૩.૫ પ્રતિવાદી દવારા વાદીની ફરીયાદનો નિકાલ કરેલ છે, તેથી ફોરમને કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરનાં તારણો પરથી તારણ નં."૩.૪ અને ૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૫.૦૧.૨૦૧૯**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.